**દીનાનાથ તમે અમારી રક્ષા કરો, મમ મસ્તક પર તવ હસ્ત ધરો, હરિ હૈયા તણો સહુ મેલ હરો, સદ્‌વિચાર અને સદ્‌ભાવ ભરો.**

## રાજ્યમાં વધુ ૧૦૯૯૦ નવા કેસ : ગાંધીનગરમાં ૨૬૧ : અમદાવાદમાં ૩૧૨૭


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૬૧ ૧૨ મે, ૨૦૨૧, બુધવાર; વૈશાખ સુદ - ૧ પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦


# દેશમાં કોરોનાની બીજી લહેર નબળી પડી

**દિલ્હી, ગુજરાત અને મહારાષ્ટ્રમાં કેસ ઘટ્યા : ભારતમાં સતત બીજા દિવસે કોરોનાના કેસમાં મોટો ઘટાડો : ૨૪ કલાકમાં વધુ ૩,૨૯,૯૪૨ કેસ નોંધાયા : ૩૫૬૦૮૨ દર્દી સાજા થયા**

નવી દિલ્હી, તા. ૧૧

ભારતમાં સતત બીજા દિવસે કોરોનાના કેસમાં મોટો ઘટાડો નોંધાયો છે, છેલ્લા ચોવિસ કલાકમાં દેશમાં સાડા ત્રણ લાખ કરતા પણ ઓછા કેસ નોંધાયા છે. જોકે, મૃત્યુઆંકમાં મોટો ઘટાડો જોવા નથી મળી રહ્યો. પરંતુ જે પ્રમાણે દિલ્હી, ગુજરાત, મહારાષ્ટ્રમાં કોરોનાના કેસ ઘટી રહ્યા છે તે જોતા બીજી લહેર નબળી પડી રહી હોવાનું માનવામાં આવી રહ્યું છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા પ્રમાણે દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના વધુ ૩,૨૯,૯૪૨ કેસ નોંધાયા છે. એટલે કે ગઈકાલે રજૂ કરાયેલા આંકડાની સામે આજે ૩૫,૦૦૦ કરતા વધુનો ઘટાડો નોંધાયો છે. જ્યારે ૨૪ કલાકમાં વધુ ૩,૮૭૬ દર્દીઓએ કોરોનાના લીધે અંતિમ શ્વાસ લીધા છે.

ભારતમાં કોરોનાના સાજા થયેલા દર્દીઓ લાંબા સમય પછી એક્ટિવ કેસ કરતા વધુ નોંધાયા છે. દેશમાં ૨૪ કલાકમાં ૩,૫૬,૦૮૨ દર્દીઓ કોરોનાને હરાવીને સાજા થયા છે.

દેશમાં કોરોનાના કુલની સંખ્યા વધીને ૨,૨૯,૯૨,૫૧૭ થઈ ગઈ છે. જ્યારે ૨,૪૯,૯૯૨ દર્દીઓએ જીવ ગુમાવ્યો છે.

## વેક્સિનના બીજા ડોઝ લેનારાને મહત્વ આપવા કેન્દ્રની સુચના

**દેશમાં વેક્સિનેશન પૂરજોશમાં : વેક્સિનના ડોઝના ૭૦% બીજા ડોઝ માટે રિઝર્વ રાખી શકે છે, બાકી ૩૦ ટકા વેક્સિન પ્રથમ ડોઝ માટે આપવા નિર્દેશ**

નવી દિલ્હી, તા. ૧૧

દેશમાં કોરોના સંકટ વચ્ચે વેક્સિનેશન કાર્યક્રમ ચાલી રહ્યો છે. પરંતુ આ સમયે વેક્સિનેશન અભિયાનમાં સૌથી મોટી મુશ્કેલ પૂરતી માત્રામાં વેક્સિનના ડોઝ ઉપલબ્ધ ન હોવાની છે. આ વચ્ચે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે વેક્સિનનો બીજો ડોઝ લેનારાને રાજ્ય સરકાર પ્રાથમિકતા આપે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ રાજેશ ભૂષણે મંગળવારે કહ્યુ- વેક્સિનનો બીજો ડોઝ લગાવનારાને રાજ્ય સરકારો પ્રાથમિકતાના આધાર પર આ કામ નક્કી કરે. બીજો ડોઝ લગાવનારા મોટી સંખ્યામાં રાહ જોઈ રહ્યાં છે, તેને સૌથી પહેલા જોવાની જરૂર છે. રાજેશ ભૂષણે કહ્યુ- આ વિશે રાજ્ય સરકારોને કેન્દ્રથી મળનારી ફ્રી ડોઝના ઓછામાં ઓછી ૭૦ ટકા વેક્સિનને બીજા ડોઝ માટે રિઝર્વ રાખી શકે છે, જ્યારે બાકી ૩૦ ટકા વેક્સિન પ્રથમ ડોઝની આપી શકાય છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે સવારે બહાર પાડેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૩,૨૯,૯૪૨ દર્દીઓ નોંધાયા છે આ સાથે જ કુલ કેસની સંખ્યા ૨,૨૯,૯૨,૫૧૭ પર પહોંચી છે. હાલ દેશમાં કોરોનાના ૩૭,૧૫,૨૨૧ એક્ટિવ કેસ છે. એક દિવસમાં કોરોનાથી ૩૮૭૬ દર્દીઓએ જીવ ગુમાવ્યા છે. જોકે આ બધા વચ્ચે સારા સમાચાર એ છે કે કોરોનાના નવા કેસ કરતા રિકવર થનારા દર્દીઓની સંખ્યા વધેલી જોવા મળી છે.

## વેક્સિનની ફોર્મ્યુલા સાર્વજનિક કરવા માટે કેજરીવાલનું સૂચન

નવી દિલ્હી, તા. ૧૧

કોરોનાના સંક્રમણને રોકવા માટે અત્યારે તો વેક્સીન જ એક માત્ર ઉપાય છે તેવુ જાણકારો કહી રહ્યા છે ત્યારે ભારતમાં વેક્સીનની અછતના કારણે રસીકરણ અભિયાન પણ જોઈએ તેવુ ઝડપથી ચાલી રહ્યુ નથી.

**બીજી કંપનીઓ રસી બનાવી શકે, વેક્સિન ઉપલબ્ધ થઈ શકે તે માટે સરકારે બીજી કંપનીઓને હુકમ કરવો જોઈએ**

ઘણા રાજ્યો વેક્સીનની અછત અનુભવી રહ્યા છે ત્યારે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે વેક્સીનેશન કાર્યક્રમમાં ઝડપ આવી શકે તે માટે સૂચન કર્યુ છે કે, વેક્સીન બનાવવાનો ફોર્મ્યુલા સાર્વજનિક કરી દેવામાં આવે.જેથી બીજી કંપનીઓ પણ રસી બનાવી શકે અને બજારમાં ઝડપથી વેક્સીન ઉપલબ્ધ થઈ શકે.સરકારે બીજી કંપનીઓને વેક્સીન બનાવવાનો આદેશ આપવો જોઈએ.

કેજરીવાલે કહ્યુ હતુ કે દિલ્હીમાં કોરોનાના કેસ ઓછા થઈ રહ્યા છે.લોકડાઉન પણ સફળ રહ્યુ છે ત્યારે હવે દિલ્હીમાં આઈસીયુ અને ઓક્સિજન બેડની પણ અછત નથી.હાલમાં રોજ ૧.૨૫ લાખ લોકોને વેક્સીન અપાઈ રહી છે.વહેલી તકે રોજ ૩ લાખ લોકોને વેક્સીન આપવાનુ શરુ કરાશે.પણ હાલમાં વેક્સીન ડોઝની અછત છે.હાલમાં દેશમાં બે જ કંપનીઓ વેક્સીન બનાવે છે અને તેઓ એક મહિનામાં સાત થી આઠ કરોડ ડોઝનુ પ્રોડક્શન કરે છે.આ ઝડપે તો તમામ લોકોને વેક્સીન આપવામાં બે વર્ષ કરતા વધારે સમય થઈ જશે અને આ દરમિયાન કોરોનાની બીજા વેવ પણ આવી શકે છે.માટે યુધ્ધ સ્તરે વેક્સીનનુ પ્રોડક્શન વધારવાની જરુર છે.






## ટેલિફોનિક બેસણું



દુઃખ સાથે જણાવવાનું કે, અમારા વડીલશ્રી **ધનજીભાઈ અંબારામ વણકર**, ગામ લીંચ (હાલ ગાંધીનગર) (નિવૃત્ત મદદનીશ સચિવ, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ)નું દેહાવસાન તા. ૧૦/૫/૨૦૨૧ને સોમવારના રોજ થયેલ છે. **જેવી જગતનિયંતાની ઈચ્છા.**

**પ્રવર્તમાન કોરોના મહામારીને ધ્યાને લઈ, કોઈ લૌકિકક્રિયા કે બેસણું રાખેલ નથી.**

**સદ્‌ગત પુણ્યાત્માનું ટેલિફોનિક બેસણું તા. ૧૩/૫/૨૦૨૧ને ગુરૂવારના રોજ સવારના ૯.૦૦ થી ૧૧.૦૦ દરમિયાન રાખેલ છે.**

લિ.

સ્વ. કમળાબેન ધનજીભાઈ વણકર

શિરીષ ધનજીભાઈ વર્મા (પુત્ર) - ૯૪૨૬૬૦૯૫૭૭ — નિહારીકા શિરીષ વર્મા (પુત્રવધૂ)
સંજય ધનજીભાઈ વર્મા (પુત્ર) - ૯૮૯૮૧૦૬૫૫૯ — જલ્પા સંજય વર્મા (પુત્રવધૂ)
મૂળજીભાઈ અંબારામ પરમાર 'દધિ' (મોટાભાઈ) મો. - ૯૮૨૪૨૩૬૮૯૩ — નીરૂબેન મૂળજીભાઈ પરમાર (ભાભી)
હર્ષદભાઈ રામજીભાઈ પરમાર (ભાઈ) — બળદેવભાઈ રામજીભાઈ પરમાર (ભાઈ)
ગીરીશભાઈ સવજીભાઈ પરમાર (ભાઈ) — કિરીટભાઈ સવજીભાઈ પરમાર (ભાઈ)
હર્ષદભાઈ મોહનલાલ પરમાર (ભાઈ)
તુષારભાઈ મૂળજીભાઈ પરમાર (ભત્રીજો) — પરિમલ મૂળજીભાઈ પરમાર (ભત્રીજો)
ખૂશ્બુ, રાજવીર (હેપ્પી), તરાના, તમન્ના, રાજ

## શોક સંદેશ



**સ્વ. અ.સૌ. સીતાબેન મહેશભાઇ પટેલ**

સ્વ. તા. ૦૯-૦૫-૨૦૨૧, રવિવાર

મારા નાના પુત્ર શ્રી મહેશભાઈ ના ધર્મપત્ની તા. ૦૯-૦૫-૨૦૨૧ ને રવિવાર ના રોજ હૃદયરોગના હુમલાથી દેવલોક પામ્યા છે. પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ આપે, સદ્‌ગતની લૌકીક ક્રિયા કોરોના સંક્રમણને ધ્યાનમાં રાખી બંધ રાખેલ છે. જેથી સ્નેહીજનો અને હિતેચ્છુઓને ટેલિફોન કે મેસેજથી શોક સંદેશ પાઠવવા અનુરોધ છે.

લિ.

શ્રી પરબતભાઈ સવાભાઈ પટેલ - મો. ૯૯૭૮૪૦૫૩૧૯
(સંસદ સભ્યશ્રી - બનાસકાંઠા)
શ્રી મહેશભાઈ પરબતભાઈ પટેલ - મો. ૯૮૨૫૩ ૧૧૫૭૦
(એડવોકેટ - ગુજરાત હાઈકોર્ટ)
શ્રી શૈલેષભાઈ પરબતભાઈ પટેલ - મો. ૯૪૨૭૦ ૮૬૧૭૭
(ડીરેક્ટરશ્રી - બનાસ બેંક)
શ્રી અજયભાઈ મહેશભાઈ પટેલ (પુત્ર)
શ્રી વિરજીભાઈ વજાભાઈ પટેલ - મો. ૯૫૩૭૭ ૯૩૩૧૧
(પૂર્વ સરપંચશ્રી)
શ્રી ભાંણજીભાઈ વજાભાઈ પટેલ - મો. ૯૪૨૭૦ ૮૬૧૭૬